# તાપમાન ઘટશે, દિવાળી સુધી ઠંડીનો ચમકારો જોવા મળશે

## વરસાદને જોતા ચાલું વર્ષે શિયાળો જમાવટ કરે એવા સંકેત : રાજ્યના સ્થાનિક હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં લગભગ તમામ સ્થળો પર હવામાન સાફ રહેવા વકી

ગાંધીનગર, તા.૧૭

પાછોતરા વરસાદે ગુજરાતને તરબોળ કર્યા બાદ દુષ્કાળના જે ભણકારા વાગી રહ્યા હતા તે દૂર થઈ ગયા છે. રાજ્યમાંથી ચોમાસાએ વિદાય લીધા બાદ હવે વહેલી સવારે તથા સાંજ પડતા ઠંડા પવનો વહેવાની શરુઆત થઈ ગઈ છે. આગામી અઠવાડિયાથી ઠંડીના ચમકારામાં વધારો થવાનો છે. આગામી ૨૪ કલાકમાં એટલે કે નવા અઠવાડિયાની શરુઆત સાથે ઠંડીનો સામાન્ય ચમકારો અનુભવાશે, જે પછી ધીમે-ધીમે ગુલાબી ઠંડીની શરુઆત થશે.

રાજ્યમાં જે પ્રમાણે વરસાદ થયો છે તેની સાથે આ વર્ષે શિયાળો પણ વ્યવસ્થિત જામશે તેવી આગાહી વ્યક્ત કરી છે. રાજ્યના લઘુતમ તાપમાનમાં ૨ ડિગ્રીથી વધારેનો ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યના સ્થાનિક હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં લગભગ તમામ સ્થળો પર હવામાન સાફ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જોકે, દાહોદ તથા મહિસાગરમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. આગામી અઠવાડિયાની મધ્ય સુધીમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની આગાહી નથી. જયારે આગામી ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી વ્યક્ત કરાઈ છે.

આગાહી પ્રમાણે રાજ્યના ઘણાં ભાગોમાં આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૩૩ □સી રહેવાની આગાહી છે જ્યારે લઘુતમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો નોંધાશે એટલે કે લઘુતમ તાપમાન રાજ્યના ઘણાં ભાગોમાં ૨૦ □સીની નીચે પહોંચી જશે.

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલા ૫ દિવસની આગાહીમાં કોઈ ચેતવણી આપવામાં આવી નથી. આમ છતાં દાહોદ અને મહિસાગરમાં હળવા વરસાદની સંભાવના છે. મહત્વનું છે કે પાછલા વર્ષે હુંફાળો શિયાળો રહ્યા બાદ આ વર્ષે કડકડતી ઠંડી પડશે અને શિયાળો ગુલાબી ઠંડી સાથે પોતાનો રંગ બતાવશે તેમ માનવામાં આવી રહ્યું છે. આ વર્ષે પાછોતરા વરસાદમાં રાજ્યના મોટાભાગના નાના-મોટા જળાજશયોમાં પાણીની સારી આવક થઈ છે ત્યારે શિયાળુ પાકમાં પણ ખેડૂતોને પાણીની તકલીફ નહીં પડે તેવી સંભાવના દેખાઈ રહી છે.



**ગઢડા ખાતે બી.એ.પી.એસ. મંદિરે શ્રદ્ધાપૂર્વક દર્શન કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે સવારે બોટાદ જિલ્લાના ગઢડા ખાતે આવેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે શ્રદ્ધાપૂર્વક શીશ ઝુકાવી દર્શન કર્યા હતા. ગઢડા ખાતે નિર્મિત શ્રી લીંબતરૂ યાત્રિક ભવનનાં લોકાર્પણ માટે પધારેલા મુખ્યમંત્રીએ ગઢડા સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી સંતોના આશિર્વાદ મેળવ્યા હતા. સ્વામી બ્રહ્મવિહારી સ્વામી તથા સંતગણે મુખ્યમંત્રીનું મંદિર પટાંગણમાં ઉષ્માભેર આવકાર્યા હતા. આ અવસરે મુખ્યમંત્રી સાથે પૂર્વ મંત્રી સૌરભભાઈ પટેલ, ધારાસભ્ય આત્મારામભાઈ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ વિરાણી, જિલ્લા ભાજપ પ્રમુખ ભીખુભાઈ વાઘેલા, જિલ્લા કલેક્ટર તુષાર સુમેરા તથા પદાધિકારીઓ-અધિકારીઓ પણ જોડાયા હતા.

# આતંકીઓ સાથે અથડામણમાં વણઝારિયાનો જવાન શહીદ

## મછાલ સેક્ટરમાં આતંકીઓ સાથે અથડામણ થઈ હતી : ખેડા જિલ્લાના વણઝારિયા ગામમાં શોકનો માહોલ

નડિયાદ , તા.૧૭

જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ સામેની અથડામણમાં ગુજરાતના જવાને શહાદત વહોરી છે. મીડિયા રિપોર્ટ મુજબ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના વણઝારિયા ગામના રહેવાસી ૨૫ વર્ષીય હરીશસિંહ રાધેસિંહ પરમાર છેલ્લા પાંચ વર્ષથી ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવી રહ્યા હતા. દરમિયાન જમ્મૂ કાશ્મીરમાં તૈનાત હતા ત્યારે મછાલ સેકટરમાં આતંકીઓ સામેની અથડામણમાં હરીશસિંહ શહીદ થયા હોવાનું જાણવા મળ્યું છે. જેથી સમગ્ર વણઝારિયા ગામમાં શોકનો માહોલ છવાયો છે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં સેના અને આતંકીઓ વચ્ચે ઘણા દિવસથી અથડામણ ચાલી રહી છે. આ અથડામણમાં અત્યાર સુધી ૯ સૈનિકો શહીદ થયા છે જેમાં ૨ જેસીઓ પણ સામેલ છે. શનિવારે સર્ચ ઓપરેશન દરમિયાન એક જેસીઓ સહિત ૨ સૈનિકોના મૃતદેહ મળ્યા હતા. બીજી બાજુ કાશ્મીરમાં સેનાએ નાગરિકોની હત્યા બાદ ૯ જેટલી અથડામણમાં ૧૩ જેટલા આતંકવાદીઓને ઠાર કર્યા છે. અથડામણમાં શહીદ થનારાઓમાં ગુજરાતના જવાનનો પણ સમાવેશ થાય છે.

મીડિયા રિપોર્ટ મુજબ જવાન હરીશસિંહ પરમારની શહીદીના સમાચાર મળતા જ ખેડાના કપડવંજના વણઝારીયા ગામમાં પરિવાર સહિત ૨૫૦૦ની વસ્તી ધરાવતું આખું ગામ હિબકે ચઢ્યું હતું. દીકરો શહીદ થતાં પરિવારજનો ચોધાર આંસુએ રડી પડ્યા હતા. દરમિયાન તેમના ઘરે સાંત્વના પાઠવવા આવતા ગ્રામજનો ભારત માતા કી જય અને મા ભોમની રક્ષા કાજે પોતાના પ્રાણોનું સર્વોચ્ચ બલિદાન આપનાર હરીશસિંહ અમર રહો તેવા નારા લગાવી રહ્યા છે.

શહીદ જવાન હરીશસિંહ પરમારના પિતાના જણાવ્યા અનુસાર જમ્મુથી ભારતીય સૈન્યના મેજરનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, હરીશ શહીદ થઈ ગયા છે. જે સાંભળતાં પિતા ભાંગી પડ્યા હતા.

સાથે જ તેમને ગૌરવ પણ થયું કે તેમના દીકરાએ મા ભોમની રક્ષા માટે પોતાનું બલિદાન આપ્યું છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર તેમના માટે સારો અને દુઃખનો દિવસ કહી શકાય છે. નવયુવાન દેશની સુરક્ષા માટે શહાદત આપતા આખું વણઝારિયા ગામ દુઃખની સાથે સાથે ગર્વની લાગણી પણ અનુભવી રહ્યું છે.

# વડાપ્રધાન મોદી રાષ્ટ્રીય એકતા દિવસ પર ફરી ગુજરાત આવશે

ગાંધીનગર,તા.૧૭

રાષ્ટ્રીય એકતા દિવસ પર વડાપ્રધાન મોદી ફરી ગુજરાતના મહેમાન બને તવું લાગી રહ્યું છે. આ દિવસે વડાપ્રધાન ગુજરાત આવશે અને નર્મદા ખાતે સરદાર પટેલની જન્મ જયંતિની ધામધૂમ પૂર્વ ઉજવણીમાં ભાગ લેશે, મહત્વનું છે કે ૩૧ ઓકટોબરે સરદાર જયંતિ આવે છે અને તેમના માનમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે, ત્યારે વડાપ્રધાન મોદી ફરી ગુજરાત આવી રહી છે. વડાપ્રધાન મોદી ગુજરાત પ્રવાસ દરમિયાન નર્મદા કેવડિયા ખાતે વિવિધ પ્રકલ્પો અને યોજાઓનું ખાતમૂહૂર્ત કરે તેવું મનાઈ રહ્યું છે.



જો કે મોદી સરદાર જયંતિની આગળી સાંજે જ ગુજરાત આવી જશે અને ૩૦ ઓક્ટોબરના રોજ કેવડિયા ખાતે રાત્રિ રોકણ કરશે વડાપ્રાધનમોદી તે સાંજે જ નર્મદા આરતી ઘાટનું પણ લોકાર્પણ કરશે. તેમજ વહેલી સવારે સરદાર પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વિવિધા પ્રકલ્પો અને ખાતમૂહૂર્તના કાર્યક્રમો કરશે,

આ દિવસે વડાપ્રધાનો મોદી દેશની જનતાને સંબોધિત કરે તવું પણ મનાઈ રહ્યું છે, ૩૧ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિવસ પર સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે રાષ્ટ્રીય એકતા પરેડ પણ યોજાશે જેને વડાપ્રધાન મોદી સલામી આપશે, મહત્વનું છે કે વડાપ્રધાન મોદી નર્મદાના કેવડિયા આવી રહ્યા છે ત્યારે ૨૯થી ૩૧ સુધી કેવડિયા પ્રવાસન સ્થળ બંધ રહેવાની શક્યતાઓ જોવા મળી રહી છે.

# ચિલોડા મોટા સ્થિત ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ બેંક ખાતે ગ્રાહક-સંવાદ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ બેન્ક લીમીટેડ શાખામાં ગ્રાહક સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એ.ડી.સી. બેંક ચેરમેન અજય પટેલની પ્રેરણાથી ગ્રાહકો, વેપારીઓ, ખેડૂતો, સભાસદો બેંકની કામગીરી અને સહકારી પ્રવૃત્તિ સમયાંતરે માહિતગાર અને જાગૃત બને સહકારી ક્ષેત્રે વધુ વેગવંત સહકારથી સમૃદ્ધિના સુત્રને સાર્થક કરવા ક્રાંતિરૂપ કાર્યો બેંક કડીરૂપ બને તે હેતુસર ગ્રાહક સંવાદ કાર્યક્રમ થકી ગ્રાહકો જાગો અંતર્ગત બેન્કની સમગ્ર ઉત્તરોત્તર પ્રગતિ અને બેન્કિંગની કાર્ય પદ્ધતિથી સજાગતા કેળવાય અને બધા માનવંતા ગ્રાહકો વર્તમાન બેન્કિંગ એંગેની મોબાઈલ દ્વારા થતી છેતરપીંડી લોભામણી



જાહેરાતોથી દૂર રહેવા સમજ આપી હતી. આ કાર્યક્રમમાં જાગૃત પ્રગતિશીલ ખેડૂતોએ પ્રશ્નોતરી કરી જાણકારી મેળવવાનો નમ્ર પ્રયાસ કર્યો.

આ સંવાદમાં ચિલોડાના આજુબાજુ ગામોના ૧૦૫ થી વધુ ખેડૂતો, વેપારીઓ, સભાસદો ગ્રાહકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે બેન્ક મેનેજર રાહુલભાઈ અમીન તથા પી.આર.ઓ. હેડ ઓફીસના કૃણાલ પંડ્યાએ સફળ આયોજન કરી સર્વગ્રાહી બાબતોની વિગતવાર સમજણ પુરી પાડી હતી.




ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા આજે ૭૦ થી વધુ વય ધરાવતા નિવૃત્ત શિક્ષકોનો સન્માન સમારોહ લવારપુર ખાતે પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ૭૦ વર્ષ કે તેથી વધુ વયના નિવૃત્ત ૬૫ થી વધુ શિક્ષકોને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# હાર્વેસ્ટર લઈ ગુજરાત પહોંચેલા શીખ વેપારીઓ અને ખેડૂતો મુશ્કેલીમાં : ડીઝલના ભાવ વધતા ખેતી કામમાં ૧ વીઘે રૂ. ૬૦૦નું નુકશાન

ડીઝલનો ભાવ વધતાં માત્ર જીવનજરૂરી ચીજવસ્તુનું પરિવહનજ નહીં, ખેતીમાં ઉપયોગમાં લેવાતા ડીઝલથી ચાલતા ઓજારો ચલાવવા પણ મોંઘા બન્યા છે અરવલ્લી જીલ્લામાં હાલ મગફળી, ડાંગર અને સોયાબીન કાઢવાની સીઝન છે. જેમાં ખેડૂતો થ્રેસર અને હાર્વેસ્ટર સહીત ડીઝલ સંચાલીત વાહનોનો ઉપયોગ કરી રહ્યા છે ડીઝલનો ભાવ વધતા ખેડૂતોને ખેત સાધનો ચલાવવા મોંઘા પડી રહ્યા છે.

ડીઝલના ભાવ વધતા ખેડૂતોને પ્રતિ વીઘે ૬૦૦ રૂપિયાથી વધુ ખર્ચ ભોગવવો પડી રહ્યો છે બીજીબાજુ પંજાબ થી દર વર્ષે શીખ સમુદાયના વેપારીઓ હાર્વેસ્ટર સહીત અન્ય ખેત ઉપયોગી વાહનો લઈ ગુજરાતમાં



ખેતરમાંથી પાક લણવાનું કામ કરવા પહોંચી રહ્યા છે ડીઝલમાં અસહ્ય ભાવ વધારો થતા પૂરતા ભાવ ન મળતા ભારે મુશ્કેલીમાં મુકાયા છે અને વડાપ્રધાન મોદીને ખેડૂતો અને ખેત વાહન ચલાવતા લોકો ડીઝલના ભાવ ઘટાડે તેવી આજીજી કરી રહ્યા છે.

પંજાબ થી હાર્વેસ્ટર સહીત વિવિધ ખેત વાહનો સાથે રોજીરોટી મેળવવા પહોંચેલ શીખ સમુદાય ડીઝલમાં થયેલ તોતીંગ વધારાથી રોજીરોટી મેળવવી મુશ્કેલી અનુભવી રહ્યા છે શીખ ખેડૂતોના જણાવ્યા અનુસાર ડીઝલના ભાવમાં વધારો થતા ખેત વાહનો ચલાવવા પરવડતા નથી અને ખેડૂતો પણ ભારે મહેનત પછી ખેતીમાંથી થતી ઉપજમાંથી ભારે નુકશાન ભોગવવું પડી રહ્યું છે ખેડૂતોએ પણ ડીઝલના ભાવ વધતા ખેડૂતો માટે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો હોવાનું જણાવ્યું હતું.

મોડાસાના ગ્રામ્ય વિસ્તારમાં પહોંચેલા શીખ ખેડૂતે વડાપ્રધાન મોદી સામે શસ્ત્ર વિરોધ નોંધવાની સાથે સમગ્ર દેશના ખેડૂતોના હિત માટે દિલ્હીમાં ધરણા પર બેઠેલા ખેડૂતોને સમર્થન કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખેડૂતોની માંગ સાંભળતા ન હોવાનો આક્રોશ ઠાલવ્યો હતો.

ડીઝલના ભાવ વધતા તેની સીધી અસર પાક જણસની પડતર કિંમત પર પડશે. બીજી તરફ ખેડૂતોને ડીઝલ તો બજાર ભાવેજ ખરીદવું પડે છે. આથી એમાં કોઈ જાતની રાહત મળતી નથી. જો ટેકાના ભાવમાં સરકાર વધારો કરી દે તો ખેડૂતોની કમાણી જળવાઈ રહે. તો જેઓને પોતાની જણસ યાર્ડ સુધી પહોંચાડવાની છે તેના વાહન ભાડામાં પણ વધારો થવાનો જ છે. આમ ખેડૂતોને જણસ તૈયાર કરવાથી લઈને વાહન ભાડાંનો માર પડવાનો છે એ નક્કી છે તેમ ખેડૂતોએ જણાવ્યું હતું.



આદિવાસીઓની વસ્તી ગણતરી બાબતે ચર્ચા-વિચારણા કરવા ચિંતન શિબિરનું આયોજન સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેક્ટર-૧૭ ખાતે કરવામાં આવ્યુ હતુ. આદિજાતિઓની વસ્તી ગણતરી બાબતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાનો નિર્ણય પણ આ ચિંતન શિબિરમાં લેવાયો હતો.

## બસ સેવા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બસ સેવાના રૂટનુ સંચાલન ગોઠવાય તે માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગામો તરફ જવા માટે પણ જરૂરી રૂટમાં યોગ્ય બસ સેવા મળતી નથી જેના લીધે આસપાસના ગામોમાંથી અપડાઉન કરતા વિદ્યાર્થીઓ તેમજ મુસાફરો વારંવાર આ મામલે રોષ ઠાલવી રહ્યા છે. વિજાપુર અને માણસા વિસ્તારમાંથી પણ રોજ બરોજ ગાંધીનગર અવરજવર કરતા મુસાફરોની સંખ્યા વિશેષ છે. આ સ્થિતિ વચ્ચે સાંજના સમયે બસ ન મળતા અપડાઉન કર્તાઓમાં રોષ પ્રવર્તયો છે. કોરોનાના કપરા કાળના અંતે સલામત સવારી એસ ટી અમારીના પૈડા ટ્રેક પર દોડતા થઈ ગયા છે. ત્યારે અગાઉ પણ આ મામલે રજુઆત કરવામાં આવી હતી. ત્યારે શહેરી બસ સેવા ઉપરાંત આસપાસના ગ્રામજનોને પણ સમસયર બસ સેવા મળી રહે તે માટે યોગ્ય આયોજન થાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.




સે-૨૧ ખાતે એલ આઈ સી ના ગાંધીનગર ડીવીઝનના ચીફ લાઈફ ઈન્શયુરન્સ એડવાઈઝરની કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં રીઝિયનલ મેનેજર રાધિકા અલસી દ્વારા ઉમદા કામગીરી બદલ નગરના કમલેશ ઉપાધ્યાયનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. દેશમાં ગાંધીનગર ડિવીઝન ચીફ લાઈફ ઈન્સયુરન્સ લેવેલ પ્રથમ ક્રમે હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ.

## શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ તથા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની શુભેચ્છા મુલાકાત

ભારતના પાટનગર દિલ્હીમાં યમુના નદીના કાંઠે ધર્મ ધજા લહેરાવતું મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત જે હજારો શ્રદ્ધાળુઓનું આસ્થાનું કેન્દ્ર શ્રી સ્વામિનારાયણ મંદિર, દિલ્હીના ૪૩ મા પ્રતિષ્ઠોત્સવની પૂર્વ સંધ્યાએ શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજ તથા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે શુભેચ્છા મુલાકાત થઈ હતી.

# ફ્લાઈટ ટેક્ ઓફ્ થયા બાદ એન્જિનમાં ટેક્નિકલ ખામી સર્જાતા અમદાવાદ-આગ્રા ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

અમદાવાદ,તા.૧૭

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ ખાતેથી આજે સવારે એક વિમાને ઉડાન ભર્યાની થોડીક ક્ષણોમાં ટેક્નિક્લ ખામી સર્જાઇ હતી. જેના કારણે પાઈલોટે મુસાફરોની સુરક્ષાના કારણોસર એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) નો સંપર્ક કરી ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. આ સમયે ફ્લાઈટમાં સવાર તમામ મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.પરંતુ ફ્લાઈટ સુરક્ષિત લેન્ડ કરાવતા મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો.

અમદાવાદથી આગ્રા જતી ઈન્ડિગોની ફ્લાઈટ (૬ઈ ૭૬૮૯) સવારે નિર્ધારિત સમયે ૭:૫૭ કલાકે રવાના થઈ હતી. ફ્લાઈટમાં ઓનબોર્ડ ૪૫ જેટલા મુસાફરો સવાર હતા. ફ્લાઈટ એરબોર્ન થયાના ૧૫ મિનિટમાં જ એન્જિનમાં યાંત્રિક ખામી સર્જાઈ હતી.આમ, પાઈલોટે ફ્લાઈટમાં એનાઉન્સમેન્ટ કરી મુસાફરોને સીટ બેલ્ટ બાંધી રાખવાનું જણાવ્યું હતું. બીજીતરફ ફ્લાઈટ અમદાવાદ ડાયવર્ટ કરવાનો એટીસીને મેસેજ આપ્યો હતો. ઈમરજન્સી લેન્ડિંગના આપેલા મેસેજના કારણે ફ્લાઈટમાં સવાર મુસાફરોમાં જીવ અદ્ધર થઈ ગયા હતા. આ સમયે બે વિમાનો પણ અમદાવાદના રડારમાં હોવાથી આ ફ્લાઈટે પણ આકાશમાં ૧૫ મિનિટ ચક્કર માર્યા હતા.

દરમિયાન આ ફ્લાઈટ પરત અમદાવાદ એરપોર્ટ પર ૮:૨૦ કલાકે સુરક્ષિત લેન્ડ કરતા જ ટેકનેશિયનોએ ચેક કરતા એન્જિનમાં ખામી હોવાથી ફ્લાઈટ ઉડાન ભરી શકે તેમ ન હોવાથી ગ્રાઉન્ડ કરી દેવામાં આવી હતી. હૈદરાબાદથી ટેક્નિશિયનોની ટીમ આવતા એરક્રાફ્ટ ત્રણ કલાક બાદ રિપેર થયું હતું. આ દરિમયાન ફ્લાઈટમાં સવાર તમામ મુસાફરોને સવારે ૯: ૩૦ કલાકે દિલ્હીની ફ્લાઈટમાં વાયા આગ્રા માટે રવાના કર્યા હતા.

જયારે આગ્રા થી અમદાવાદ આવતા મુસાફરો રઝળી ન પડે તે માટે પણ એરલાઇન કંપનીએ બીજી ફ્લાઈટમાં વૈકલ્પિક રૂટ પરથી વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. આમ વહેલી સવારે ૬ વાગ્યાના આવેલા મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા. આ ફ્લાઈટનું આગળનું અમદાવાદથી નાગપુરનું કનેક્શન હોવાથી ફ્લાઈટ બે બાદ એટલે કે ૧:૧૫ વાગ્યાની ફ્લાઈટ બપોરે બે કલાક બાદ ૩: ૦૦ કલાકે ટેક્ આફ થઈ હતી.

## આઈટી સેક્ટરમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઈન્ફોસિસ હાયરિંગની વાત કરીએ તો તે ચાલુ નાણાંકીય વર્ષમાં ૪૫,૦૦૦ કોલેજ ફ્રેશર્સને હાયરિંગ કરશે. પહેલા કંપનીએ ૩૫,૦૦૦ ફ્રેશર્સને હાયર કરવાનો પ્લાન બનાવ્યો હતો.

કંપનીના ચીફ ઓપરેટિંગ ઓફિસર પ્રવીણ રાવે કહ્યું કે તે વધતાં એટ્રિશન રેટને ધ્યાનમાં રાખતાં કંપનીએ ફ્રેશર્સના હાયરિંગમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

વિપ્રોની વાત કરીએ તો સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રિઝલ્ટની સાથે જ કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ ખેઈરી ડેલાપોર્ટે એ કહ્યું કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કંપનીએ ૮૧૦૦ ગ્રેજ્યુએટને કોલેજમાંથી હાયર કર્યા છે.

તેમણે કહ્યું કે કંપની આગામી નાણાંકીય વર્ષમાં ૨૫,૦૦૦ કોલેજ ફ્રેશર્સને હાયર કરવાનું પ્લાનિંગ કરી રહી છે.

એચસીએલ ટેકનોલોજીની વાત કરીએ તો કંપનીએ કહ્યું કે ચાલુ નાણાંકીય વર્ષમાં ૨૦-૨૨ હજાર ફ્રેશર્સને હાયર કરશે. કંપની આગામી નાણાંકીય વર્ષ સુધી ૩૦,૦૦૦ ફ્રેશર્સને ટીમમાં સામેલ કરવાની તૈયારીમાં જોડાયેલું છે.